ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૫-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મથુરામાં મોદી, દિલ્હીમાં કેજરીવાલનાં લેખાજોખાં

એક જ દિવસે બે નેતાઓ જુદી જુદી રીતે પોતપોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા હોય એવો માહોલ રચાયો છે. મોદી સરકાર મથુરામાં એના એક વરસના શાસનનું સરવૈયું આપી રહી છે અને કેજરીવાલ દિલ્હીની હૃદયસ્થલી સમા કોનોટ પ્લેસ વિસ્તારમાં ખુલ્લી કેબિનેટ બોલાવી પ્રજા સમક્ષ મુખોમુખ થયા છે. એ પ્રજાની અદાલતમાં કેન્દ્ર સરકારની પજવણીના મુદ્દે રાવ નાખશે અને પોતે ઘણું બધું કરવા માગતા હોવા છતાં કેન્દ્રની આડખીલીને કારણે નક્કર પરિણામ નહીં મળતું હોવાની રજૂઆત કરી દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો મળવો જોઇએ એવો પ્રસ્તાવ કરશે. આમ જુઓ તો બેઉ ઉપક્રમો ઉજવણીના છે, પરંતુ બેઉમાં નેતા જ કેન્દ્રસ્થાને છે. બેઉમાં 'હું' નો હુંકાર છે. પ્રજા સમક્ષ પોતાની નબળાઇઓ છુપાવી 'મેં આ કર્યું, મારા વગર કે મારી પહેલાં તો બધું બોગસ ચાલતું હતું -' એ મતલબની આત્મશ્લાઘા છે. મોદી ઉજવણીના ઇવેન્ટ મેનેજમેન્ટના માસ્ટર છે. ગુજરાતમાં ભાગ્યે જ એકાદ મહિનો ઉજવણી વગરનો જવા દેવા હતા. એમની પાસે પોતાનું અને પોતાની સરકારનું માર્કેટિંગ કરવાની બેનમૂન આવડત છે, કળા છે. એક વરસના શાસનકાળમાં મોદી સરકાર સામે ઘણા પ્રશ્નાર્થો સરજાયા છે, ખાસ તો રાતોરાત વિદેશમાં પડેલું કાળું નાણું દેશમાં લાવી દઇ, દરેક નાગરિકના ખાતામાં બારોબાર પંદર લાખ જેવી રકમ જમા કરાવી દેવાની શેખચલ્લીના સપના જેવી ઓફર, જે ભવિષ્યમાં કયારેય પૂરી કરી શકાય એવી નથી. ભ્રષ્ટાચાર મુદ્દે સરકારે કેટલીક નક્કર કામગીરી જરુર કરી છે અને આખા વરસ દરમિયાન સરકાર સામે આ મુદ્દે આંગળી ચીંધાપણું નથી થયું, તે એમની સિદ્ધિ ગણાવી જોઇએ. પરંતુ ખેડૂતો નારાજ છે, સરકારે ઉદ્યોગપતિઓના ઇશારે કામ કરી રહી છે અને ભ્રષ્ટાચારની તપાસ માટે લોકપાલ કે સીવીસી - સેન્ટ્રલ વિજિલન્સ કમિશનરની નિમણૂક આજ પર્યંત થઇ શકી નથી, એ મુદ્દો વિરોધ પક્ષને મદદરુપ નીવડી રહ્યો છે. સૈનિકોને એક રેંક - એક પેન્શન વાળા મુદ્દે રાહુલ ગાંધી મળી ચૂક્યા છે. મોદી મથુરા નજીક નંગલા ચંદ્રભાણ ગામે યોજાઇ રહેલી મહારેલીમાં આ વિશે કોઇ નક્કર જાહેરાત કરે એવી શક્યતા છે. આખું વરસ મોદી એ એકહથ્થું શાસન ચલાવ્યે રાખ્યુ છે અને રાજનાથ, સુષમા સ્વરાજ કે અરુણ જેટલી જેવા વરિષ્ઠ મંત્રીઓને પણ 'કટ ટુ સાઇઝ' કરી નાખ્યા છે તે પ્રજાએ અને મીડિયાએ જોયુ છે. અડવાણી જેવા સૌથી વરિષ્ઠ નેતાને ભાજપનાં સંસ્થાપક વિચારપુરુષ દીનદયાલ ઉપાધ્યાયના પૈતૃક ગામમાં યોજાઇ રહેલી રેલીમાં નિમંત્રણ સુદ્ધા નહીં પાઠવીને મોદીએ એમની ખતરનાક શાસનશૈલીનો પરચો આપી દીધો છે. પોતાની જાતને ગંગાના પુત્ર તરીકે ઓળખાવનારા નરેન્દ્ર મોદી વ્રજવાસીઓનું દિલ જીતવા યમુનાના ખોળે બેસી જશે. પ્રજાજનો એમને કૃષ્ણનો અવતાર માની લેશે. (મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને રામ અને પોતાને હનુમાન કહેતા હોય તો વ્રજવાસીઓ મોદીનાં ગુણગાન કરવામાં કંજૂસાઇ શું કામ કરે?) યમુનાના 'જીર્ણોદ્ધાર'નું વચન અપાશે. ટૂંકમાં, ઉત્તરપ્રદેસમાં મોદી વેવ ફેલાઇ જશે. છેલ્લે કેટલીક ન્યૂઝ ચેનલો અને એજન્સીઓ દ્વારા કરાયેલ સર્વેક્ષણમાં મોદીની લોકપ્રિયતાનો આંક અકબંધ રહેલો જણાય છે, બલકે દિલ્હી અને પંજાબને બાદ કરતાં બંગાળ અને તામિલનાડુ જેવા બિન-ભાજપશાસિત રાજયોમાં પણ લોકોમાં મોદી પ્રત્યે અપાર આસ્થા હોવાનું તારણ નીકળ્યું છે. જો આ સાચું હોય તો એની સામે કેજરીવાલની પેઢી દિનપ્રતિદિન કાચી પડતી ગઇ છે. કેન્દ્ર સરકાર મોદીના નેજા હેઠળ એનું કયારે ઉઠમણું કરી દે, એનું નક્કી નહીં!

# છેડાલ પરગણા વણકર સમાજની સરકારે કદર કરી છે : સંસદીય સચિવ જેઠાભાઈ

## છેડાલ વણકર સમાજે સરકાર દ્વારા સન્માનીય થયેલા સ્વ. નરસિંહભાઈ વોરા : પરિવાર અને ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલનું સન્માન કર્યુ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા સ્વ. નરસિંહભાઈ યારાના પરિવાર,



મહેન્દ્રભાઈ વોરા અને ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સ્થિત છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા નગરના ત્રણ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતુ. ગત ૨૪ના રોજ ગાંધીનગર સર્કિટહાઉસ ખાતે ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, સ્વ. નરસિંહભાઈ યારા પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહના અધ્યક્ષ તરીકે જેઠાભાઈ સોલંકી સંસદીય સચિવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે શ્રી છેડાલ પરગણા વણકર સમાજની કદર કરી ત્રણ એવોર્ડ એનાયત કર્યા છે. ત્યારે સરકાર અને પાર્ટીને જ્યારે પણ તમારી જરૂર પડે ત્યારે ખભેથી ખભો મિલાવીને ઉભા રહેજો.

તેમણે અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગની કામગીરીની વિગતો આપી હતી અને તમામ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. ડૉ. રાજન પ્રિયદર્શી સમાજના મહાનુભાવોને મળેલ એવોર્ડથી પ્રભાવિત થયા હતા. મુખ્યમંત્રી અંગે સામાજીક ન્યાય મંત્રી રમણલાલ વોરા તેમજ એવોર્ડ સમિતિના સભ્યોનો આભાર માન્યો હતો. સમાજને વ્યસનો અને કુરીવાજોથી દૂર રહેવા જણાવ્યું હતું.

ગાંધીનગરના નવ નિયુક્ત



ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજે મારૂ જે સન્માન કર્યુ છે તેનો મને આનંદ છે. છેડાલ વણકર સમાજનું દરેક બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે માતાઓ અને બહેનોને ધ્યાન આપવા જણાવ્યું હતું તેમજ કોર્પોરેશનના કોઈ પણ કામ માટે જરૂર પડે ત્યારે મદદ માટે ઉભા રહેવાની તત્પરતા બતાવી હતી. ચંદ્રકાન્ત જાદવે કરકસરયુક્ત જીવન જીવી પૈસાની બચત કરવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે મણીલાલ સોલંકી, હેનીશ રાઠોડ, મનિષભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




**સાહેબ ભણ્યા બાદ અચ્છે દિનની રાહ જોવા એક વર્ષ બેસી રહ્યો... તેમા સફાઈ અભિયાન થઇ ગયું... બધી બચત ખલાસ થઇ ગઇ... એટલે જોબની જરૂર પડી...!!**

## લલિતકલા એકેડેમી દ્વારા નોન સ્ટોપ સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમીમાં મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન ૨૪મીને રવિવારના રોજ ૪ થી ૮ દરમ્યાન સંસ્થાની સ્કેટીંગ રીંક પર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના કેજીથી ધો. ૧૦ સુધીના ૩૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે આ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, આચાર્ય બચુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે તમામ સ્કેટરોને મેડલ, પ્રમાણપત્ર તથા કીટ્સ એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતં ત્યારે રોલર સ્કેટીંગ સ્પર્ધાનું નિદર્શન અને કોચીંગ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં સ્કેટરો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુણ ચકાસણીમાં એક ગુણ વધતા બી ગ્રુપમાં પ્રથમ સ્થાન મળ્યુ

ગાંધીનગર, તા. ૨૫

બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ એક એક માર્કસ માટે દિવસ રાત એક કરતા હોય છે. સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવવા વિદ્યાર્થીઓ તનતોડ મહેનત કરતા હોય છે. ત્યારે ક્યારેક પાડાના વાકે પખાલીને દંડ જેવી પરિસ્થિતિ સામે આવી છે. ગાંધીનગર ગુરૂકુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીએ માર્કસ ઓછા આવતા ગુણ ચકાસણી ફોર્મ ભર્યુ હતુ. જેમાં એક માર્કસ વધતા સમગ્ર રાજ્યમાં બી ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે.

ઊર્જા મંત્રીના કાર્યાલયમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા બી.સી. મહેતાની પુત્રી ઝંકૃતિ મહેતા, સેક્ટર-૨૩ ખાતેની ગુરૂકુળ શાળામાં ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરે છે. ગત ઓક્ટોબર-૨૦૧૪માં ઝંકૃતિએ તૃતીય સેમિસ્ટરની પરીક્ષા આપેલ જેના ગુણ પત્રકમાં ઝંકૃતિની ધારણાથી એક ગુણ ઓછો આવવાથી ગુણ ચકાસણી માટે અરજી કરેલ જેમાં બોર્ડ તરફથી કોઈ ફેરફાર થતો નથી તેવો જવાબ મળેલ પરંતુ ઝંકૃતિએ બોર્ડે તેના જવાબ સાથે મોકલી આપેલ એમસીક્યુની આન્સર કી તપાસતા એક પ્રશ્નના જવાબમાં બોર્ડે અગાઉ જાહેર કરેલ ફાઈનલ આન્સર કી બદલાઈ ગયેલી માલુમ પડતા ઝંકૃતિના પિતાએ શિક્ષણ બોર્ડમાં લેખિત ફરીયાદ કરી હતી. જેનો સમયસર પ્રત્યુત્તર ન મળતા અધ્યક્ષને રજુઆત કરેલ તેમ છતાં કોઈ પ્રત્યુત્તર ન મળતા શિક્ષણ મંત્રીના કાર્યાલયમાં રજુઆત કરી હતી.

આખરે બોર્ડે વિદ્યાર્થીનીને સુધારેલ માર્કશીટ મોકલી આપી હતી. જેમાં ઝંકૃતિએ વિજ્ઞાનના વિષયોમાં : ભૌતિક વિજ્ઞાનમાં ૧૦૦, રસાયણ વિજ્ઞાનમાં ૧૦૦ અને જીવ વિજ્ઞાનનમાં ૯૮ (અગાઉ ૯૭ ગુણ હતા) મેળવીને ૯૯.૯૯ પર્સન્ટાઈલ રેન્ક સાથે રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ઝંકૃતિ સંસ્કૃતમાં પણ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે.

## સર્જક રમણલાલ શ્રીમાળીના કાવ્ય સંગ્રહનું ૨૭મીએ વિમોચન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સાહિત્યસભા અને વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કવિ રમણલાલ શ્રીમાળીના કાવ્ય સંગ્રહ 'વાંસળીના સૂર'ની વિમોચન ૨૭ને બુધવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સે. ૨૩ બ્રહ્માણીકૃપા હોલ ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, મુખ્ય મહેમાન પદે કવિ ડૉ. દલપતસિંહ પઢિયાર વિશેષ આમંત્રિત ભાનુપ્રસાદ પુરાણી, અતિથિ વિશેષ તરીકે ભરત કવિ (ઉર્મિલ) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું સંચાલન કુ. જયશ્રી ખેતિયા કરશે. ગાંધીનગરના સૌ સર્જકો અને ભાવિકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ભાવનગરમાં ગ્રીષ્મ તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

ઉરઆશા ઝવેરી ફાઉન્ડેશન દ્વારા ગ્રીષ્મ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૨૯ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. ૨૪ પ્રકારની કૌશલ્ય તાલીમ આપવામાં આવી હતી.

ઉનાળુ વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ નવું નવું જીવનમાં ઉતારે તે હેતુથી ઉરઆશા ઝવેરી ફાઉન્ડેશન દ્વારા ભાવનગર ખાતે ગ્રીષ્મ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા આયોજન અધિકારી બ્રિજેશ જોષી, ચૈતન્ય શ્રોફ, ભાવનગર બેંકના ચેરમેન જીતુ ઉપાધ્યાય, ઉદ્યોગપતિ આરિફભાઈ અલ્વા ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં ૧૨-૧૨ દિવસના ત્રણ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૩૮૫ વિદ્યાર્થીઓ અને ૭૪૯ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. શિબિરમાં વિદ્યાર્થીઓને ફર્સ્ટ એઈડ, સારવાર લક્ષી તાલીમ, ભૂમિ સંકેત, ટેન્ટ પીચીંગ, ધ્વજ સંજ્ઞા સહિતની તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, કંપાસ બોક્ષ, નોટબુક, વોટરબેગ સહિત શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સેક્ટર-૨ પેન્શનર્સ સમાજની બેઠક

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૨ પેન્શનર્સ સમાજના સભ્યોની માસિક બેઠક યોજવામાં આવશે. આગામી તા. ૨૮ મે, ગુરૂવાર સાંજે ૫ વાગે સેક્ટર-૨ સ્થિત બગીચામાં યોજાશે. બેઠકમાં તમામ સભ્યોને હાજર રહેવા જણાવ્યું છે.

## રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં ૫૩૩ ખાનગી શાળા ખુલી

અમદાવાદ, તા. ૨૫

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કોલેજોના ખાનગીકરણ કરવા માટે દરવાજા ખોલી નાખ્યા બાદ હવે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પણ ખાનગીકરણના દરવાજા ખોલી નાંખ્યા છે. સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર ૧૫ સરકારી શાળાઓ ખોલી છે તેની સામે ૫૩૩ ખાનગી શાળાઓ શરૂ કરવા માટે મંજુરી આપી છે ત્યારે બાળકોને શિક્ષણ આપવાની જવાબદારીમાંથી સરકાર છટકી રહી હોવાની અને શિક્ષણ બોર્ડ ઉપર જવાબદારી નાંખી ખાનગીકરણને પ્રોત્સાહન આપતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં જે ૧૫ શાળાઓ ખોલવામાં આવી છે તેમાં માધ્યમિક શાળાઓ છે. એટલે કે આ સમય દરમિયાન એક પણ ઉચ્ચતર માધ્યમિક શાળા સરકાર તરફથી શરૂ કરવામાં આવી નથી. જેનો મતલબ સ્પષ્ટ છે કે, સરકાર હવે પોતાની શાળાઓ ખોલવાને બદલે ખાનગી શાળાઓ ખોલીનો બાળકોના શિક્ષણનો આર્થિક બોજો નાંખી રહી છે. ફી વધારાના મામલે વાલીઓએ અનેક વખત આંદોલનો કર્યા છે તેમ છતાં સરકાર દ્વારા કોઈ પગલા લેવાયા નથી. બીજી બાજુ ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર ખાનગી શાળાઓ પ્રત્યે વાલીઓનો ઝોક વધતો જઇ રહ્યો છે. રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ કબૂલાત કરી હતી કે, છેલ્લા પાંચ વર્ષમાં સરકારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની મળીને ૧૨૩ શાળાઓ બંધ કરી દીધી છે જેની સામે પાંચ વર્ષમાં ૪૧૨ શાળાઓ શરૂ કરવામાં આવી છે તેમાં છેલ્લે ૨૦૧૦માં ૩૨૯ નવી શાળાઓ ખોલવામાં આળી હતી જ્યારે ૨૦૧૧માં ૬૮ શાળાઓ શરૂ કરવામાં આળી હતી. જો કે, ત્યારબાદ અચાનક સરકારી શાળાઓ શરૂ કરવાનું કામકાજ સ્થગિત કરી દેવામાં આવ્યું છે જેના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર ૧૫ સરકારી શાળો શરૂ કરવામાં આળી છે જેની સામે અધધ કહી શકાય તેવી ૫૩૩ ખાનગી શાળાઓ શરૂ કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંજુરી આપવામાં આવી છે.

# કુદરત એટલે કે પ્રકૃતિના સાનિધ્યમાં રહેવું એ દરેક માનવી માટે એક અદમ્ય આકર્ષણરૂપ હોય છે

આ સૂર્યનાં કિરણનું તેજ,
ને ધરા ઉરનો હૂંફાળો હેજ;
કયાંક કોકિલનું અચાનક કૂજવું,
ને ડાળીઓનું ફૂલભારે ઝૂકવું
આનન્દ છે ! આનન્દ છે! આ ધરતી ઉપર આનન્દ છે !
આ પ્રિયજનોનાં હાસ,
નિર્દોષ શિશુઓનાં રૂદન ઉલ્લાસ;
શ્રાન્ત તન કેરું દિનાન્તે લેટવું,
ને વિરહ અન્તે સ્વજનનું ભેટવું
આનન્દ છે ! આનન્દ છે! આ ધરતી ઉપર આનન્દ છે !

કુદરત એટલે કે પ્રકૃતિના સાનિધ્યમાં રહેવું એ દરેક માનવી માટે એક અદમ્ય આકર્ષણરુપ હોય છે. ઉનાળાની આ કાળઝાળ ગરમી અને બાળકોના વેકેશનને માણવા લગભગ તમામ લોકો કુદરતને માણવા અને પોતાની આધુનિક વ્યસ્ત જીવનશૈલીથી દૂર થોડા સમય માટે નીકળી જ પડે છે. કુદરતી સૌંદર્યનું આકર્ષણ હંમેશા વ્યક્તિને પોતાના તરફ આકર્ષિત કરે છે. સાઉથમાં કેરલાના ઘેઘૂર વૃક્ષો અને ચારેબાજુ છવાયેલી લીલોતરી હોય કે નોર્થમાં પથરાયેલી બરફની ચાદર વેકેશન પડતાં જ સૌ કોઈ પોતપોતાની અનુકૂળતા અનુસાર કોઈને કોઈ રીતે કુદરતના ખોળે જઈને પોતાની જાતને **refresh** અને **recharge** કરવાનો સમય કાઢી જ લે છે. આ એક નાનકડાં બ્રેકથી તે ફરીથી પોતાના વ્યસ્ત જીવન અને ઝંઝાવાતો સામે લડવાનું જોમ પામી લે છે. કવિ ન્હાનાલાલ દવે લખે છે તેમ,

''પૃથ્વી ખેડી નવ ખંડની રે,
ખેડ્યાં સાગરનાં નીર;
ખેડ્યા કંઈ આભ ઘુમ્મટો : હવે
ખેડે કાળને નરવીર.''

આજનો યુગ એ ગળાકાપ હરિફાઈ અને સ્પર્ધાનો યુગ છે. સૌ કોઈ હોંશિયાર, કાબેલ અને સ્માર્ટ હોય છે. ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી પોતાની જાતને વિશ્વમાં બનતી નાનામાં નાની લેટેસ્ટ માહિતીથી પોતાની જાતને અપડેટ રાખે છે. પણ પોતાના મનમાં ચાલતી ગડમથલ કે પોતાની તકલીફો વિષે કોઈ પૂછપરછ કરે તે તેને મંજૂર નથી. સતત સંઘર્ષ અને અંગત ફફડાટથી ઘેરાયેલા એના અસ્તિત્વને એ બાહ્ય આડંબરોથી છુપાવી દે છે -ઢાંખી રાખે છે. વૉટ્સઅપ અને ફેસબુક પર સ્માઈલ અને મેક-અપ દ્વારા એ પોતાના અંગત વ્યથિત વ્યાકુળ ચહેરાને સંતાડીને રાખે છે. પણ




કુદરતના ખોળે જઈને તે પળવાર માટે આ બધું જ વિસારી દે છે. તેની વ્યસ્તતા, તેની વ્યથા કે તેની તકલીફો પળવાર માટે જાણે કયાંક અદશ્ય થઈ જતા હોય તેમ લાગે છે. માટે જ તેને કુદરતનું સાંનિધ્ય ગમે છે, તેનાથી તે ભાવવિભોર બને છે. કવિ જયંત પાઠક લખે છે તેમ -

વૃક્ષો મને ગમે છે.
અરણ્યમાં અડાબીડ ઊભેલાં
એકબીજાને ખભે હાથ નાખી
પવનના પ્રવચનને ડોક હલાવી ચગાવતાં વૃક્ષો.
ખેતર-શેઢે ખડાં
શહીદ થવા
ધીરવીર રૂખડાં.
વૃક્ષો, મારા વનવાસીના ભેરુ.

અને વૃક્ષો સાથેનું તાદાત્મય, જોડાણ વર્ણવતા આગળની પંક્તિમાં કવિ લેખે છે કે :

''બા કહેતી :
ગયા જનમમાં ઝાડ હતો કે શું ?!
કદાચ આજેય છું.
ન હોત તો -
પગ મારા ટટાર
પૃથ્વી રોપ્યા કયાંથી હોત ?!
હોત કયાંથી હાથ
શાખાઓ જેમ ભીડતાં બાથ ?!
ઊડતાં કયાંથી હોત
મારી આંખોમાંથી પલકારાનાં પાન ?!
સૂર્યધારાને જટાઘટામાં ઝીલવાની
આંગળીઓને પાંખડીઓ થૈ ખીલવાની
વાસના કયાંથી હોત ?!
વૃક્ષો મને ગમે છે
વૃક્ષો મારા ભેરુ
વૃક્ષો હું...''

વૃક્ષો ભેરુ લાગે અને ખુદ વૃક્ષ હોવાની સંવેદનાને મનુષ્ય પામે તે મનુષ્ય જીવનના વિવિધ તબક્કાનો એક ભાગ માત્ર છે. બાળપણમાં જે બાળસહજ કુતૂહલતા હોય, યુવાનીમાં ઝંઝાવાતો સામે લડવાનું અદમ્ય સાહસ હોય તેમ વૃદ્ધ થઈ જતાં વૃક્ષ જેવી સ્થિરતા પ્રાપ્ત થતી હોય છે. અત્યાર સુધી પોતાના મદમાં મસ્ત બનેલ વ્યક્તિને, અહંકારમાં રાચતા મનુષ્યને વાસ્તવિકતાનો અહેસાસ થાય છે. આ ધરતી પર પોતે એક યાત્રીની જેમ આવ્યો છે અને પ્રવાસ પૂરો થતાં જ તેને પર ઈશ્વર પાસે પરત ફરવું જ રહ્યું એ બાબતનો અહેસાસ તેને થાય છે. જે રીતે વેકેશનમાં ફરવા જવી વેળાએ આપણે રોમાંચિત અને હર્ષોલ્લાસથી ભરપૂર હોઈએ છીએ તે જ અનુસાર જીવનની યાત્રાના આરંભે એ જ પ્રકારનો આનંદ અનુભવાતો હોય છે. પરંતુ, થોડા દિવસોના આરામ, બ્રેક પછી જયારે પરત ફરવાની ક્ષણ આવે ત્યારે આપણે અત્યંત સહજતાથી આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લઈએ છીએ પરંતુ, જીવનયાત્રાના અંત સમયને કે જીવનના સમાપન અને પૂર્ણાહૂતિના સમયે આ સનાતન સત્ય



સ્વરુપ વાસ્તવિકતાને સ્વીકારવી આપણા માટે ખૂબ અઘરું અને પડકારજનક હોય છે. માટે જ તે સમયે જાણે આ ધીંગી ધરતી મશ્કરી કરતી વિરાટ અને સ્માર્ટ એવા વ્યક્તિને વાસ્તવિકતાનું ભાન કરાવી દે છે :

કવિ કરસનદાસ માણેક લખે છે તેમ :

''કોની છે આ ધીંગી ધરતી ?
જીવનમાં અમૃતરસ ભરતી,
કોની છે આ ધીંગી ધરતી ?
કૈંક શ્રીમતો ને સરદારો
ઊગ્યા - આથમિયા દરબારો
ચક્રવર્તીઓ થયા ચાલતા
બોલાવી ઘડીભર દેકારો,
ધરા તણી ધરતી થઈને ફરતી
લાંબા સૂતી સૌ સોડ તાણીને
મહાકાળનો થઈને ચારો !
ને એ સૌની મશ્કરી કરતી
હસી રહી આજે એ ધરતી !
એ જ લહેરથી વિશ્વ વિહરતી -
કોની છે આ ધીંગી ધરતી ?''

**- કરસનદાસ માણેક**